# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-03-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- રાજયમાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં સુચારું રીતે મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા વિવિધ કામગીરી હાથ ધરાઇ
- કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી આદેશ સુધી લંબાવ્યો છે
- સમગ્ર દેશની સાથે રાજ્યભરમાં આજે હોળી પર્વની ધાર્મિક આસ્થા સાથે ઉલ્લાસભેર ઉજવણી–
- આજે 24 માર્ચ ક્ષય રોગ નિવારણ દિવસ તરીકે રાજયભરમાં વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરાઇ
- આઈપીએલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION COMPLAIN - SURENDRANAGAR

નાગરિકો લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કોઈપણ ફરિયાદ કરી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા c-VIGIL એપ વિકસાવવામાં આવી છે. આ એપ દ્વારા નાગરિકો ફોટો અને વિડીયો પુરાવા સાથેની ફરિયાદ કરીને ચૂંટણી તંત્રનું ધ્યાન દોરી શકે છે.

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, સુરેન્દ્રનગર જિલ્લાનાં વિધાનસભા મત વિસ્તારોમાંથી c-VIGIL ના માધ્યમથી અત્યાર સુધી કુલ 14 ફરિયાદો મળી છે જેનો જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા તાત્કાલિક નિકાલ કરવામાં આવ્યો છે. જિલ્લામાં ચૂંટણીને લગતી કોઈપણ ફરિયાદ માટે ડિસ્ટ્રિક્ટ કોન્ટેક્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૯૫૦ છે.

આ ઉપરાંત ચૂંટણી ખર્ચ સંબંધિત જરૂરી માહિતી અને ફરિયાદ માટે જિલ્લા કક્ષાનો કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૫૮૮૨ છે.

# DIVYANG MATDAR

લોકસભાની આગામી ચૂંટણી દરમિયાન કોઈ પણ મતદાર મતદાનથી વંચિત ન રહી જાય અને દિવ્યાંગ મતદારો પણ ચૂંટણીમાં સહભાગી બને તે માટે ચૂંટણી તંત્ર કાર્યરત છે.

સુરત જિલ્લામાં 13 હજાર 444 પુરુષ અને 9 હજાર 463 મહિલા દિવ્યાંગ મતદારો મળી કુલ 22 હજાર 907 દિવ્યાંગ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સૌથી વધુ કામરેજ વિધાનસભામાં 2 હજાર 70 પુરુષ દિવ્યાંગ મતદાર અને 1 હજાર 562 મહિલા દિવ્યાંગ મતદારનો સમાવેશ થાય છે.

# ELECTION BOOTH

લોકસભાની આગામી ચૂંટણી અંતર્ગત દક્ષિણ ગુજરાતની પાંચ લોકસભા બેઠક ભરૂચ, સુરત, બારડોલી, નવસારી અને વલસાડ સંસદીય બેઠકમાં કુલ 8 હજાર 556 મતદાન મથકો અને પુરક મતદાન મથકો ઊભા કરાશે. વિધાનસભાદીઠ સાત મહિલા મતદાન મથક, એક મોડેલ મતદાન મથક અને જે તે જિલ્લામાં એક યુવા મતદાન મથક ઊભું કરાશે.

# WEAPON COLLECTION

લોકસભા સામાન્ય ચૂંટણી દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજકોટ પોલીસ દ્વારા પરવાનાવાળા હથિયારધારકો પાસેથી હથિયાર જમા લેવામાં આવ્યા. જેમાં આજ સુધીમાં રાજકોટ શહેર પોલીસ દ્વારા 2 હજાર 14 હથિયારો જ્યારે રાજકોટ જિલ્લા(ગ્રામ્ય)પોલીસ દ્વારા 1 હજાર 76 હથિયારો જમા લેવામાં આવ્યા છે. જ્યારે શહેર પોલીસ દ્વારા 4 હથિયારો અને ગ્રામ્ય પોલીસ દ્વારા 2 હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા.

# ONION-EXPORT

કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી આદેશ સુધી લંબાવ્યો છે. આ નિર્ણય સ્થાનિક ઉપલબ્ધતા વધારવા અને ડુંગળીના ભાવને નિયંત્રણમાં રાખવા માટે લેવામાં આવ્યો છે.

વિદેશ વ્યાપાર મહાનિદેશાલય-DGFTએ એક જાહેરનામામાં જણાવ્યું છે કે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ 31માર્ચ, 2024 સુધી લાદવામાં આવ્યો હતો અને હવે તેને આગામી આદેશ સુધી લંબાવવામાં આવી રહ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં સરકારે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, મૈત્રીપૂર્ણ દેશોમાં ડુંગળીની નિકાસ દરેક કેસના આધારે પરવાનગી આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

# HOLI GUJ.

હોલિકાદહન સાથે આજે રાજ્યભરમાં હોળી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. હોળી જેને રંગોનો પણ તહેવાર કહેવામાં આવે છે. ફાગણી પૂનમના દિવસે લોકો ધાર્મિક આસ્થા સાથે હોળી પ્રગટાવી તેનું પૂજન કરે છે અને બીજા દિવસે પરંપરાગત રીતે એકબીજાને રંગો લગાવી ધૂળેટી પર્વની ઉજવણી કરી છે, ત્યારે બજારોમાં રંગો – પિચકારી, ધાણી, ખજૂરની ખરીદી કરતાં લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પવિત્ર યાત્રાધામ દ્વારકામાં ભક્તિના રંગે રંગાવા મોટી સંખ્યામાં ભક્તોના ઘોડાપુર ઉમટ્યા. પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કરીને ભક્તોએ દ્વારકાધીશના નાદ સાથે રાસની રમઝટ બોલાવી હતી.

ધાર્મિક આસ્થા સાથે પર્યાવરણનું પણ રક્ષણ થાય તે માટે પંચમહાલ જિલ્લાના શહેરી વિસ્તારો અને ગોધરા શહેરમાં પણ 30 થી વધુ જગ્યાએ વૈદિક હોળી પ્રગટાવવામાં આવશે, જેમાં અંદાજિત 10 હજાર કિલો ગોકાષ્ટનો ઉપયોગ કરાશે. આ તકે ઉપસ્થિતોને ગાયત્રી શક્તિપીઠ તરફથી નિઃશુલ્ક હવન સામગ્રી આપવામાં આવશે.

ભરૂચ જિલ્લાના વણખૂટા ગામે જાહેર જનતા પહેલાં રાજાની હોળી પ્રગટાવવાની પરંપરા રહેલી છે ત્યારે ચૈતર વસાવાએ આદિવાસી રીત રિવાજ મુજબ પૂજન અર્ચન કરી હોળી પ્રગટાવી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં પણ ઠેર ઠેર હોળિકા દહનનું આયોજન કરાયું છે. દીવના બજારોમાં લોકો રંગો, ખજૂર, અવનવા માસ્ક અને કાર્ટુન કેરેક્ટરવાલી પીચકારીઓની સાથે ખાસ ચૂલા ઉપર બનતી જુવારની ધાણી મોટી સંખ્યામાં ખરીદતા જોવા મળ્યા.

જામનગર જિલ્લામાં ભોઈ સમાજ દ્વારા સૌથી ઊંચી હોલિકાનું પૂતળું બનાવવામાં આવ્યું છે. લગભગ 25 ફૂટ ઊંચાઈ ધરાવતા આ પૂતાળાનું વજન અંદાજે ત્રણથી ચાર ટન જેટલું છે. ભોઈ સમાજ દ્વારા આયોજિત આ હોલિકાદહન ઉત્સવને નિહાળવા મોટી સંખ્યામાં લોકો હાજર રહેશે.

તો હોળી ધૂળેટી પર્વ નિર્મિત્તે અરવલ્લી જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાનિકો સાથે શાંતિ સમિતિ બેઠક યોજવામાં આવી.

દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નાગરિકોને હોળી-ધૂળેટી પર્વની શુભકામનાઓ પાઠવી છે અને આ પર્વ પ્રેમ, સદભાવના અને એકતા સમયે ઉમંગનું પર્વ બની રહે તેવી આશા વ્યક્ત કરી છે

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ દ્વારા સુરતના પાંજરાપોળ ખાતે પરંપરાગત રીતે હોલિકા દનહ કરવામાં આવ્યું.

# SABARKANTHA HOLI

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અંબાજી મંદિરે આજે ફાગણ મહિનાની પૂનમના દિવસે ભક્તોની ભારે ભીડ જોવા મળી. આજે પૂનમના ખાસ દિવસે માતાજીનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. આજે પૂનમના મેળામાં લોકો હોળી પર્વને લઇ ખજૂર, ધાણી, કલર ખરીદતા નજરે પડ્યા હતાં. આજે જગતજનની જગદંબાના દર્શન કરવા મોટી સંખ્યામાં માઇ ભક્તો ઉમટ્યા હતા..

# Holi at Bhavnagar

ભાવનગર જિલ્લામાં જ્ઞાનગુરૂ વિદ્યાપીઠ ખાતે હોળી પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓમાં ભારતીય તહેવારો અને તેના મહત્વને સમજાવવાના હેતુથી ખાસ ફૂલો વાલી હોલી રમાડવામાં આવી. કેમિકલવાળા કલર કે પાણીનો ઉપયોગ કર્યા વગર કેસૂડાના ફૂલો દ્વારા વિદ્યાર્થીઓને પરંપરાગત રીતે હોળી રમાડવામાં આવી.

આ તકે વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષકો પણ બાળ ભગવાન શ્રી કૃષ્ણના રાસ અને વિવિધ હોળી ગીતો ઉપર ઝૂમી ઉઠ્યા હતા.

# World TB Day

આજે 24 માર્ચ, આજના દિવસને ક્ષય રોગ નિવારણ દિવસ તરીકે ઓળખવામાં આવે  છે. 1882માં આ દિવસે ડો.રોબર્ટ કોચે ક્ષય રોગ માટે જવાબદાર બેક્ટેરિયમ માયકો બેક્ટેરિયમ  ટ્યુબરક્યુલોસિસની ઓળખ કરી હતી. તેનો હેતુ લોકોને ક્ષય રોગ વિશે જાગૃત કરવાનો અને તેના ફેલાવાને રોકવાનો છે. ક્ષય રોગ સૌથી વધુ ફેફસાંને અસર કરે છે અને કિડની, કરોડરજ્જુ અને મગજને પણ અસર કરે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ, ડાયાબિટીસ, કુપોષણ અને તમાકુનો ઉપયોગ આ રોગનું જોખમ વધારે છે.

દરમિયાન ગાંધીનગરમાં ગંગા સમગ્ર સંસ્થા દ્વારા ટીબી નિવારણ માટે જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. સ્વયં સેવકો અને શાળાના બાળકોએ ટીવી નિવારણના સૂત્રોચ્ચારવાળા બેનરો સાથે રેલી પણ યોજી હતી.

# RAMNATH KOVIND - AMRELI

અમરેલી જિલ્લાના દુધાળા ગામે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં પદ્મ પુરસ્કૃતોનો પુનર્મિલન સમારોહ યોજાયો.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યુ કે,રાષ્ટ્રહિતને પ્રાથમિકતા આપી રાષ્ટ્ર અને સમાજ માટેના કાર્યો થઇ શકે તે શ્રેષ્ઠ બાબત છે. તેમણે નાગરિકોને પર્યાવરણની રક્ષા કરવા અને જળસંકટને નિવારવા માટે ઉત્તમ પ્રયાસો કરવા પણ જણાવ્યું હતું.

રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યુ કે, રાષ્ટ્રની પ્રગતિ માટે સામાજિક કર્તવ્યો કરવામાં આવે તે આવનારી પેઢીઓ માટે પ્રેરક છે. સકારાત્મક વિચાર, કર્મયોગનું મહત્વ અને તેને લીધે થતાં કાર્યો થકી સામાજિક ઉન્નતિ થઇ શકે છે. તેમણે રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી પર્યાવરણ જાળવણી કરવા અપીલ કરી હતી.

આ પ્રસંગે સામાજિક ક્ષેત્રે સેવા આપનાર હિરાબેન લોબી, વૉટર મેન ઓફ ઇન્ડિયા ડૉ. રાજેન્દ્રસિંધ, પર્યાવરણવિદ્ આનંદ મલ્લી બાબડ, પોન્ડમેન ઓફ ઇન્ડિયા રામવીર તંવરને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ILLEGAL WOOD - TAPI

તાપી જિલ્લામાં પોલીસે 4 હજાર 240 કિલો ગેરકાયદેસર ખેરના લાકડાનો જથ્થો ઝડપી પાડ્યો છે. અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે, બુહારી-અંધાત્રી રોડ પરથી પોલીસે ગેરકાયદેસર ખેરના લાકડાનો જથ્થો ઝડપી પડ્યો હતો જેની અંદાજિત કિંમત 1 લાખ થી વધુ છે. પોલીસે લાકડાનો જથ્થો ઝડપી લઇ વ્યારા વનવિભાગ ને સોંપ્યો છે. એક આરોપીને ઝડપી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે .

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતના મોટાભાગના શહેરોના તાપમાનમાં આશિંક ઘટાડો થયો છે તો બીજી તરફ કચ્છ, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં તાપમાનનો પારો વધવાની સાથે હીટવેવની શક્યતા જોવાઈ રહી છે.

આ અંગે હવામાન નિષ્ણાંતે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ગુજરાત રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે.

# PAPER TICKET- IPL

આઈપીએલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે 7.30 વાગે શરૂ થશે.

ગુજરાત ટાઇટન્સ, શુભમગીલની તો મુંબઈ ઇન્ડિયન્સ હાર્દિક પંડ્યાની કપ્તાની હેઠળ મેચ રમશે.

આઈપીએલ મેચને ધ્યાને લઈ અમદાવાદ મેટ્રો સેવાએ ખાસ પેપરટીકીટ આપવાનો નિર્ણય લીધો છે.

મેચના દિવસે મોટેરા સ્ટેડિયમના મેટ્રો સ્ટેશનથી સવારના 6 વાગ્યાને 20 મિનિટથી રાતના 12 વાગ્યા સુધી ટ્રેન સેવા ચાલુ રાખવાનો પણ નિર્ણય લેવાયો છે. આઇપીએલની મેચ માટે ફિક્સ 50 રૂપિયાના ભાડાની સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવી છે. જેનો ઉપયોગ ફક્ત મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી બીજા કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા માટે થઈ શકશે.